# રાજ્યમાં નવા ૧૨૯૧૧ કેસ, વધુ ૨૨ના મોત

ગુજરાતમાં કોરોના વાયરસમાં સતત રાહત જોવા મળી રહી છે. સતત બીજા દિવસે કોવિડ-૧૯ના કેસમાં ઘટાડો થયો છે અને સાજા થનારા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. એક જ દિવસમાં ૨૩,૦૦૦થી વધુ દર્દીઓ કોરોનામાંથી સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના ૧૨,૯૧૧ નવા કેસ નોંધાયા છે જેની સામે ૨૩,૧૯૭ દર્દીઓ સાજા થયા છે. જ્યારે ૨૨ લોકોના મોત થયા છે. જોકે, ચિંતાની વાત એ છે કે રાજ્યમાં મૃત્યુઆંક સતત ૨૦થી ઉપર નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં સાત અને રાજકોટ કોર્પોરેશનમાં ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે વડોદરા કોર્પોરેશન, મહેસાણા અને ભરૂચમાં બે-બે લોકોના મોત થયા છે. સુરત કોર્પોરેશન, ભાવનગર કોર્પોરેશન, જામનગર કોર્પોરેશન, વલસાડ, નવસારી અને ભાવનગર જિલ્લામાં એક-એક દર્દીએ કોરોનાથી જીવ ગુમાવ્યો છે. રાજ્યના ચારેય મહાનગરોમાં પણ કેસની સામે સાજા થયેલા લોકોની સંખ્યા વધારે નોંધાઈ રહી છે. અમદાવાદ કોર્પોરેશનમાં તો કેસ કરતા સાજા થયેલા લોકોની સંખ્યા બે ગણી છે. જ્યારે સુરત કોર્પોરેશનમાં પણ આવી જ પરિસ્થિતિ છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૪૪૦૫ નવા કેસ નોંધાયા છે જેની સામે ૯૮૧૭ દર્દીઓ સાજા થયા છે. વડોદરા કોર્પોરેશનમાં ૧૮૭૧ કેસ નોંધાયા છે અને તેની સામે ૧૪૫૪ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજકોટ કોર્પોરેશનમાં ૧૦૦૮ કેસ સામે આવ્યા છે અને ૧૩૨૯ દર્દીઓ સાજા થયા છે. નવા કેસની સંખ્યા સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં સુરત કોર્પોરેશન ટોચ પર છે. સુરત કોર્પોરેશનમાં તો ૭૦૮ નવા કેસની સામે ૩૯૭૦ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે.

## મંત્રીમંડળના બે મંત્રીઓ હોસ્પિટલમાં દાખલ

કોરોના વાયરસે સમગ્ર રાજ્યમાં કાળો કહેર વરસાવ્યો છે. ત્યારે સરકારના અનેક મંત્રીઓ પણ કોરોનાની ઝપેટમાં ચઢ્યા છે. જેમાંથી બે મંત્રીઓને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. રાઘવજી પટેલને અમદાવાદ ખાતે યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને અમદાવાદ ખાતે યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને કોરોના થયો હતો. ત્યાકબાદ તેઓ પોતાના ઘરે સારવાર લઈ રહ્યા હતા. પરંતુ તેમને શ્વાસ લેવામાં થોડી તકલીફ થતા વિશેષ કાળજી અને સારવાર અર્થે અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં લઈ જવાયા છે. તેમની તબિયત સારી હોવાનું અને ચિંતાજનક નથી તેવું પરિવારજનો જણાવી રહ્યા છે. બીજી બાજુ રાજ્યના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને પણ યુ એન મહેતામાં દાખલ કરવામાં આવ્યા છે. બન્ને સિનિયર નેતાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જાણવા મળી રહ્યું છે કે સરકારના બન્ને મંત્રીઓની સિનિયર ડોકટરની દેખરેખમાં સારવાર ચાલી રહી છે.

# ગુજરાત ફરી ઠંડીમાં ઠુંઠવાયું

**ગજરાતીઓની ચિંતામાં વધારો થઈ શકે છે જ્યારે બીજી બાજુ અમદાવાદમાં ૬.૭ ડિગ્રી સાથે ઠંડીએ છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડયો હતો**

સમગ્ર ગુજરાતભરમાં ઠંડીનું જોર વધી રહ્યું છે. કચ્છના નલિયાનું સૌથી ઓછું તાપમાન ૪ ડિગ્રી નોંધાયું છે. જ્યારે અન્ય શહેરોનો પારો ગગડતાં લોકો ઠુંઠવાયા છે. ગાંધીનગરનું તાપમાન ૬.૫ ડિગ્રી નોંધાયું છે. જ્યારે ડીસા અને પાટણનું તાપમાન ૭.૮ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૮ ડિગ્રી અને રાજકોટનું તાપમાન ૮.૫ ડિગ્રી નોંધાયું છે. હવામાન વિભાગ દ્વારા એક આગાહી કરવામાં આવી છે. જેના કારણે ગજરાતીઓની ચિંતામાં વધારો થઈ શકે છે. બીજી બાજુ અમદાવાદમાં ૬.૭ ડિગ્રી સાથે ઠંડીએ છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડયો હતો. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં ફરી બે દિવસ કાતિલ કોલ્ડવેવની હવામાન વિભાગે આગાહી કરી હતી. આગામી ૨ દિવસ બાદ તાપમાન ૨થી ૪ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ૨ દિવસ શીતલહેર રહેશે. આગામી બે દિવસ અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, ભાવનગર, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, કચ્છમાં




કોલ્ડવેવની સ્થિતિ યથાવત્ રહેશે અને જેને પગલે ત્યાં 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર સિવાય ૯ શહેરમાં સરેરાશ લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચું નોંધાયું હતું. રાજ્યભરમાં આગામી બે દિવસ પણ કાતિલ ઠંડીનું જોર યથાવત્ રહેશે અને હવામાન વિભાગ દ્વારા આગામી ૨૮ જાન્યુઆરી સુધી 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવી છે. ગાંધીનગરમાં છેલ્લા ૧૦ વર્ષમાં જાન્યુઆરીમાં અગાઉ ક્યારેય લઘુતમ તાપમાન ૬ ડિગ્રીથી પણ નીચે નોંધાયું નથી. આવી જ સ્થિતિ અમદાવાદમાં હતી. અમદાવાદમાં ૬.૭ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૬ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. બીજી બાજુ આજે કચ્છમાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જયારે અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, આણંદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અમરેલી, મોરબી, ભાવનગર, રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગર, જુનાગઢમાં 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવી છે. ૨૭ અને ૨૮ જાન્યુઆરીમાં જ્યાં 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવી છે. તેમાં કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, ભરૂચ, વડોદરા, ભાવનગર, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, જુનાગઢનો સમાવેશ થાય છે. અમદાવાદમાં પણ છેલ્લા ૧૦ વર્ષથી જાન્યુઆરીમાં લઘુતમ તાપમાન ૬ ડિગ્રીથી પણ નીચે ગયું નથી. ૧૦ જાન્યુઆરી ૧૯૫૪ના અમદાવાદમાં ૩.૩ ડિગ્રીએ લઘુતમ તાપમાનનો પારો નોંધાયો હતો, જે અમદાવાદમાં છેલ્લા ૧૦ વર્ષમાં જાન્યુઆરીમાં ઓલટાઈમ રેકોર્ડ નીચું તાપમાન છે. આજે રાજ્યના ૧૪ શહેરોમાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રી કે તેનાથી નીચે રહ્યો હતો. કચ્છનું નલિયા સૌથી ઠંડુંગાર રહ્યું હતું. નલિયામાં ૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. પાટનગર ગાંધીનગરમાં ૭ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું. અમદાવાદ, ડીસા અને કેશોદમાં ઠંડીનો પારો ૮ ડિગ્રી નોંધાયો હતો.



ગાંધીનગર મહાનગરપાલિકાના સફાઈ કર્મીઓના પ્રશ્નોનો જાણે ઉકેલ આવતો જ નથી. સફાઈ કર્મીઓએ મનપા સામે બાંયો ચઢાવી છે. ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી સામે સફાઈ કર્મીઓએ દેખાવો યોજ્યા હતા. કેટલાક સફાઈ કર્મીઓએ ભૂખ હડતાલનું શસ્ત્ર ઉગામ્યુ છે.

# ગાંધીનગર ખાતેની નાઈપર કોલેજમાં ૧૯૦ જેટલાં વિદ્યાર્થીઓ પર કોવિડનું જોખમ

**સરકારે ઓનલાઇન શિક્ષણનો આદેશ આપ્યો છે છતાં પોસ્ટ ગ્રેજ્યુએશનના બીજા વર્ષના વિદ્યાર્થીઓને ઘરે જવા દેવાયાં નથી : દર સપ્તાહે ૧૦ જેટલાં વિદ્યાર્થીઓ કોવિડ પોઝિટિવ થઇ રહયાં હોવાનો વિદ્યાર્થીઓનો દાવો**

ગાંધીનગર તા.૨૭

દેશ કોવિડની ત્રીજી લહેરનો સામનો કરી રહ્યો છે અને નિષ્ણાતો હજુ તા.૧૫ ફેબ્રુઆરી સુધી તે ટોચ પર રહેવાનો અંદાજ લગાવી રહ્યા છે. આ સંજોગોમાં સરકાર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓને ઓનલાઈન શિક્ષણનો આદેશ આપીને વિદ્યાર્થીઓની સુરક્ષા માટે ઘરેથી જ અભ્યાસ કરવાના શૈક્ષણિક સંસ્થાઓને આદેશ કરવામાં આવ્યાં છે તેમ છતાં ગાંધીનગર ખાતેની નાઈપર અમદાવાદ કૉલેજમાં વિદ્યાર્થીને ઘરે જવા દેવાની છૂટ આપવામાં આવતી નથી જેના કારણે કોલેજના ૧૯૦ જેટલાં વિદ્યાર્થીઓ માટેના કોવિડ જોખમ તોળાઈ રહ્યું છે તેવો આક્ષેપ નામ નહીં જાહેર કરવાની શરતે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓના જણાવ્યાં અનુસાર ગાંધીનગરના લેકાવાડા-પાલજ બાયપાસ રોડ પર સ્થિત નાઈપર અમદાવાદ કૉલેજમાં આશરે ૧૯૦ જેટલાં વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજ્યુએશનના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. કોલેજે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને તેમના સંબંધિત રાજ્યોમાં ઘરે મોકલી દીધાં છે પરંતુ આ ૧૯૦ જેટલાં વિદ્યાર્થીઓ કોવિડ ચેપના જોખમનો સામનો કરી રહ્યા છે. દર અઠવાડિયે આશરે ૧૦ જેટલાં વિદ્યાર્થીઓ કોવિડ પોઝિટિવ થઈ રહ્યાં છે અને કેટલાક પ્રાધ્યાપકો પણ પોઝિટિવ આવ્યાં છે. પોસ્ટ ગ્રેજ્યુએશન વિભાગના ડીને થોડા અઠવાડિયા પહેલા રાજીનામું આપી દીધું છે જેના પગલે અત્યારે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અંગે નિર્ણય લેવા માટે કોઈ નથી. નાઈપર મોહાલી અને નાઈપર હૈદરાબાદ જેવી અન્ય નાઈપર કોલેજોએ આ મહિનાની શરૂઆતથી તમામ વિદ્યાર્થીઓને ઘરે પાછા મોકલી દીધા છે પરંતુ નાઈપર અમદાવાદની કોલેજ વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ તેમના શિક્ષકો અને તેમના પરિવારના સ્વાસ્થ્યને પણ જોખમમાં મૂકી રહી છે. વિદ્યાર્થીઓ દ્વારા કૉલેજ સત્તાવાળાઓને કોવિડ લહેર સમાપ્ત ન થાય ત્યાં સુધી તમામ વિદ્યાર્થીઓને તેમના સંબંધિત રાજ્યોમાં ઘરે મોકલવા વિનંતી કરવામાં આવી છે.


# રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોની રજૂઆતથી રાજપથ આદિવાસી ક્રાંતિવીરોના કેસરી રંગે રંગાયો

ભારતના ૭૩ મા પ્રજાસત્તાક પર્વે નવી દિલ્હીના રાજપથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના આદિવાસી ક્રાંતિવીરોનો ટેબ્લો શાનભેર પ્રસ્તુત થયો હતો. આઝાદીના સંગ્રામમાં સાબરકાંઠા જિલ્લાના પાલ અને દઢવાવ તથા આસપાસના ગામોના આદિવાસી ક્રાંતિવીરોની બલિદાનગાથા ટેબ્લોના માધ્યમથી ભારત રાષ્ટ્ર સમક્ષ સૌપ્રથમ વખત પ્રસ્તુત થઈ હતી. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાજપથ પર પરેડ નિહાળી રહેલી જનમેદનીએ ગુજરાતના ટેબ્લોને તાળીઓના લાંબા ગડગડાટ સાથે વધાવી લીધો હતો.

ઉત્તર ગુજરાતના પાલ-દઢવાવમાં ૭ મી માર્ચ ૧૯૨૨ના દિવસે અંગ્રેજ ઓફિસર એચ.જી.સરર્ને કરના કાયદાનો વિરોધ કરવા એકત્ર થયેલા આદિવાસી નાગરિકો પર ગોળીબારનો આદેશ આપી દીધો હતો. ૧૨૦૦ જેટલા આદિવાસીઓ શહીદ થઈ ગયા હતા. જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ હત્યાકાંડની શતાબ્દીનું આ વર્ષ છે. ગુજરાત સરકારના માહિતી ખાતાએ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ગુજરાતના આદિવાસી ક્રાંતિવીરોની આ કથાને ટેબ્લોના માધ્યમથી ઉજાગર કરી હતી.

પ્રજાસત્તાક દિવસની પરેડમાં નવી દિલ્હીના રાજપથ પર ગૌરવભેર રજૂ થયેલા ગુજરાતના ૪૫ ફૂટ લાંબા, ૧૪ ફૂટ પહોળા અને ૧૬ ફૂટ ઊંચા આ ટેબ્લોમાં આદિવાસી નાગરિકો જેને 'કોલીયારીનો ગાંધી' કહે છે તે મોતીલાલ તેજાવતનું સાત ફૂટનું આબેહૂબ સ્ટેચ્યુ પ્રેક્ષકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.





ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી ખાતે મેયર હિતેશ મકવાણાના હસ્તે ગણતંત્ર દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા અને તિરંગાને સલામી આપી હતી.



## પ્રજાસત્તાક દિને ગાંધીનગરના સેવાભાવી યુવાનોએ કર્યુ રક્તદાન

ગાંધીનગરની સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલ અને હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે ઈંડિયન રેડ ક્રોસ સોસાયટીની જિલ્લા શાખાના સહયોગથી તા. ૨૬મી જાન્યુઆરી, બુધવારના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે ''હેપ્પી રક્તદાન શિબિર''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર સેક્ટર -૨૫માં સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન યોજાઇ હતી જેમાં યુવાનોએ દેશના વીર શહીદ જવાનોને સલામી અર્પણ કરવાના ઉદ્દેશ સાથે રક્તદાનનું સેવાકાર્ય હાથ ધર્યુ હતુ. રક્તદાન કાર્યક્રમ અગાઉ યોજાયેલા ધ્વજવંદન કાર્યક્રમમાં ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાવ્યું હતું. રક્તદાન શિબિરમાં કુલ ૨૨ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું. ''હેપ્પી રક્તદાન શિબિર''માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પીટલની બ્લડ બેંકની ટીમ દ્વારા આપવામાં આવી હતી. ''હેપ્પી રક્તદાન શિબિર''માં રક્તદાન કરનાર રક્તદાતાઓને સર્ટીફીકેટ તથા આકર્ષક શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યાં હતા.

### ડ્રાફ્ટ બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાના નવા બજેટને લઈ પ્રથમવાર ચૂંટાયેલી પાંખ દ્વારા સૂચનો માંગવામાં આવ્યા છે અને આજે તેનો છેલ્લો દિવસ છે. મળતી વિગતો પ્રમાણે ૧૦૦થી વધુ સૂચનો મનપાને મળી ચુક્યા છે હવે કેટલા સૂચનો સમાવવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. મનપાના ડ્રાપ્ટ બજેટમાં કેટલીક નવી સેવાઓ પણ શરૂ કરવા અંગેની જાહેરાત થઈ શકે છે તેમ જાણવા મળેલ છે.

### બર્ફિલી ઠંડીથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે મોડા સુધી સેકટરવાસીઓ બહાર નિકળવાનુ ટાળે છે. સવારે મોર્નિંગ વોક પર જતા નાગરિકોની સંખ્યા પણ નહીંવત જોવા મળી રહી છે. સતત કોલ્ડવેવના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. સતત બે દિવસ સુધી લઘુત્તમ તાપમાન ૫.૫ ડીગ્રી રહ્યા બાદ આજે ઠંડીમાં નજીવી રાહત થઈ છે. આમછતા ઠંડીનો પારો હજુ પણ ૧૦ ડીગ્રીની અંદર હોવાથી આગામી એકાદ દિવસ આકરી ઠંડી વેઠવી પડે તેવી સંભાવના છે. ઠંડીથી બચવા માટે સેકટરોની સોસાયટીમાં રહીશો માડા સુધી તડકે બેસવાનુ પસંદ કરે છે. સતત બદલાતા વાતાવરણના અંતે ઠંડી અસહ્ય બનતા નગરજનો આકરી ઠંડીથી ત્રાહીમામ પોકારી ગયા છે.

### ખાતર માથે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છે. જેમાં સર્વન્ટ રૂમ અને પાર્કીંગ સહીતની સુવિધાઓ છે. તેમાં પણ વિવિધ કક્ષાના મકાનોનો સમાવેશ થાય છે. આવાસો નિર્માણ થયાના દાયકાઓના અંતે સેકટરોમાં મોટાભાગના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. જેના લીધે આવા આવાસોને જોખમી જાહેર કરવામાં આવ્યા છે. દાયકાઓના અંતે જાળવણીના અભાવે આ પ્રકારના મકાનો જોખમી બન્યા છે. શહેરમાં અત્યાર સુધી અંદાજિત ૨ હજાર જેટલા આવાસોને તોડી પાડવામાં આવ્યા છે. આમછતા સેકટરોમાં હજુ સંખ્યાબંધ જોખમી મકાનો અસ્તિત્વ ધરાવે છે જયારે જોખમી જાહેર કરાયેલા આવાસો લાંબા સમયથી બિનઉપયોગ હાલતમાં છે. બીજીતરફ આ જોખમી આવાસોમાં વિજ જોડાણ ચાલુ છે. અગર સમારકામ થાય તો પણ વિજજોડાણ અનિવાર્ય બને છે પરંતુ આ બિન ઉપયોગી આવાસો વર્ષોથી બંધ હાલતમાં હોવાછતા તેમાં વિજ જોડાણ ચાલુ છે જેના લીધે આવાસોમાં મિનીમમ બિલ ભરવાનુ ફરજિયાત હોવાથી પાટનગર યોજના વિભાગ આ બંધ આવાસોના બિલની ચુકવણી પાછળ રૂ ૧૫ લાખનો તોતિંગ ખર્ચ ઉઠાવે છે. જોખમી આવાસો તોડવાના મામલે પણ ઝડપથી નિર્ણય લેવાતો નથી ત્યારે આ આવાસો ઉપયોગ વિના પણ રહેણાંક મકાનો કરતા પણ વધુ ખર્ચાળ પુરવાર થઈ રહ્યા છે. શહેરમાં એકબાજુ નવા આવાસોના નિર્માણ પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામા આવી રહ્યો છે.

### ૧૫૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામમાં આજે શહેરમાં ૯ કેસ, કરોલીમાં ૨, ધારીસણમાં ૨, સાહેબજીના મુવાડામાં ૨, રખિયાલમયાં ૪, લવાડમાં ૫, વાસણા ચૌધરીમાં ૫ કેસ તેમજ બિલાયણામાં ૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત નવાનગર, ઓતમપુરા, બારોટના મોસમપુરા, કાનપુરમાંથી પણ કેસો મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં સંક્રમણ જે ગતિએ વધી રહ્યુ છે તેથી તંત્રની ચિંતા વધી છે. આજે સરઢવમાંથી ૨, સાદરમાંથી ૭, છાલામાં ૭, રૂપાલમાં ૧૧, અડાલજમાં ૯, ગિયોડમાં ૪, વાસણામાં ૪, શેરથામાં ૫, દશેલામાં ૩, ડભોડામાં ૩, માતાપુરામાં ૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સીઆરપીએફ કેમ્પમાં ૧, દોલારાણા વાસણા, કાનપુર, સોનીપુર, બી.એસ.એફ. કેમ્પ, ઉનાવા, મગોડીમાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલમાં આજે બોરીસણામાં ૪, જાસપુરમાં ૩, હાજીપુરમાં ૨, પાનસરમાં ૯, કલોલ શહેરમાં ૧૧, સઈજમાં ૨ કેસ ઉપરાંત ધાનજ, ધમાસણા, નારદીપુરમાંથી પણ કેસ મળી આવેલ છે. માણસા તાલુકામાં ચરાડામાંથી ૩, ઈટાદરામાંથી ૨, સૌલૈયામાંથી ૨, માણસા શહેરમાંથી ૨ ઉપરાંત સમૌ, શોભાસણ, આમજા, બાલવામાંથી પણ કેસ મળી આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪૩૦૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે શરૂ થાય તે માટે સૂચનાઓ આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ આજે વધુ ૨૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યાનું જણાવ્યુ છે.

### પરત સોંપ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય સેનાને સોંપ્યો છે. મેડિકલ તપાસ સહિતની ઉચિત પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અરૂણાચલ પ્રદેશનો ૧૯ વર્ષીય મિરામ તારોન ૧૮ જાન્યુઆરીના રોજ અપર સિયાંગ જિલ્લાના જિદો ગામમાંથી લાપતા થયો હતો. તેને મુક્ત કરવામાં આવ્યો તે પહેલા બુધવારે રિજિજૂએ ટ્વિટ કરી હતી કે, 'પીએલએ જલ્દી જ યુવકની મુક્તિની તારીખ અને સમય અંગે જણાવી શકે છે. મોડું થવા પાછળ તેમના તરફથી ખરાબ હવામાનની સ્થિતિને જવાબદાર ઠેરવવામાં આવી છે. ચીને ૨૦ જાન્યુઆરીના રોજ લાપતા યુવક પોતાના ક્ષેત્રમાં હોવાની જાણકારી આપી હતી. ત્યારે ચીને યુવકની ઓળખની સત્યતા જાણવા માટે ભારતીય અધિકારીઓ પાસેથી તેનું વિવરણ માગ્યું હતું. તે સમયે રિજિજૂએ ટ્વિટમાં લખ્યું હતું કે, 'ઓળખની પુષ્ટિમાં ચીની પક્ષની સહાયતા માટે ભારતીય સેના દ્વારા ચીની પક્ષ સાથે વ્યક્તિગત વિવરણ અને ફોટો શેર કરવામાં આવ્યા છે.'

### ભવ્ય ઉજવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે અને ઈન્ડિયા ગેટ સુધી જાય છે. આ વર્ષે, પરેડમાં વિવિધ રાજ્યો, વિભાગો અને સશસ્ત્ર દળોની ૧૬ લશ્કરી ટીમો, ૧૭ લશ્કરી બેન્ડ અને ૨૫ ઝાંખીઓનો સમાવેશ થાય છે. આ દિવસે રાષ્ટ્રપતિ રાજપથ પર ધ્વજ ફરકાવે છે. આ કાર્યક્રમમાં ભારતીય સેના, ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેના દ્વારા ભારતના સાંસ્કૃતિક અને સામાજિક વારસાને દર્શાવવામાં આવે છે. આ સાથે રાજપથ પર વિવિધ રાજ્યોની ઝાંખીઓ બહાર આવે છે, જે તેમના રાજ્યોની સંસ્કૃતિ દર્શાવે છે. આ વખતે પ્રજાસત્તાક દિવસને લઈને રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ઘણી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હી મેટ્રોની પાર્કિંગ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે, જ્યારે ઘણા સ્ટેશનો પર થોડા કલાકો માટે એક્ઝિટ-એન્ટ્રી બંધ રહેશે. ગણતંત્ર દિવસના ઈતિહાસની વાત કરીએ તો, ભારતીય બંધારણ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું હતું. બંધારણ સભા, જેનો ઉદ્દેશ્ય ભારતના બંધારણનો મુસદ્દો તૈયાર કરવાનો હતો, તેનું પ્રથમ સત્ર ૯ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ યોજાયું હતું. છેલ્લું સત્ર ૨૬ નવેમ્બર, ૧૯૪૯ ના રોજ સમાપ્ત થયું અને પછી એક વર્ષ પછી બંધારણ અપનાવવામાં આવ્યું. ભારતને ત્રણ વર્ષ પહેલા વર્ષ ૧૯૪૭માં જ આઝાદી મળી હતી. પ્રજાસત્તાક દિવસ સ્વતંત્ર ભારતની ભાવનાનું પ્રતિક છે. આ દિવસે ૧૯૩૦માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે પૂર્ણ સ્વરાજની ઘોષણા કરી હતી.આ દિવસ ભારતીય લોકોને તેમની સરકાર પસંદ કરવાની લોકતાંત્રિક શક્તિની પણ યાદ અપાવે છે.

### મંજૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. હવે કન્ડિશનલ માર્કેટ અપ્રૂવલમાં ૬ મહિના કે તેનાથી વધારે સમયમાં ડેટા નિયામકને સબમિટ કરાવવો પડશે. આ સાથે જ કોવિન (કોવિન) પર તેની જાણકારી પણ આપવી પડશે. અગાઉ અમેરિકામાં ફાઈઝર અને બ્રિટનમાં એસ્ટ્રાજેનેકાને કંડીશનલ માર્કેટ અપ્રૂવલ આપવામાં આવેલી છે. સીડીએસસીઓની કોવિડ-૧૯ સંબંધી વિષય વિશેષજ્ઞ સમિતિએ ૧૯ જાન્યુઆરીના રોજ સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાને કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિનને કેટલીક શરતો સાથે નિયમિત માર્કેટિંગ મંજૂરી પ્રદાન કરવા ભલામણ કરી હતી. ત્યાર બાદ ડીસીજીઆઈ દ્વારા આ મંજૂરી આપવામાં આવી છે.